# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ઠીંગુજીઓમાં મૂર્તિની ઉંચાઇ માટે હોડ લાગી છે!
દૂર રહ્યા આદર્શ, નામ વટાવવા દોડ લાગી છે!
'સરદાર' પછી જાગ્યા 'શિવાજી', ભૂલ્યા છે ભીમ'વાળા -
સૂના હજી 'સુભાષ'વાળા, 'વામનો'ને ઝોડ લાગી છે..
(હવે 'સરદાર' થી ઊંચા 'શિવાજી'!!)

હાઇકુ

પી જાય ગોળી
નીતિ-નિયમ-નોંધો
ભૂ-માફિયાણી..
('સુપ્રીમ' ઠપકો)

વરણાગીયા!
ચૂંટણી સ્વયંવરે
લંબાવે ડોક!
(પદ માટે પડાપડી!)

## ચિંતન

*ચિત્રા-સ્વાતિ ગતા વર્ષા, પ્રસૂતા ગત યૌવના ।*
*પ્રવાસી ગત સૌખ્યશ્ચ યાચના ગતા ગૌરવા ॥*

સૂર્ય જયારે ચિત્રા અને સ્વાતિ નક્ષત્રમાં આવે ત્યારે વર્ષાઋતુ પૂર્ણ થઇ છે એમ સમજવું, અને પ્રસવ-સુવાવડ આવી ગઇ હોય એવી સ્ત્રીનું યૌવન ગયું છે એમ સમજવું, જેને નિરંતર પ્રવાસમાં જ રહેવાનું થતું હોય એવી નોકરી - ધંધાવાળાને સુખ વિનાનો જ સમજવો અને યાચના કરનાર-માગણી કરનારનું ગૌરવ ગયું છે એમ સમજવું.

જયારે સૂર્ય ચિત્ર અને સ્વાતિ નક્ષત્રમાં પ્રવેશ કરે એટલે કે આ વર્ષે ૨૦-૨-૨૦૧૪ અને ૨૧-૨-૨૦૧૪ (ગુર-શુક્ર) ત્યારથી ખગોળીય દૃષ્ટિએ ચોમાસું પૂર્ણ થયું કહી શકાય પણ આજકાલ 'ઋતુઓ' પણ માણસ જેવી સ્વછંદી થઇ ગઇ છે કયાં કોણ કોઇનું માને છે?!)

પ્રસૂતિ પછી સ્ત્રી નવયૌવના રહેતી નથી જો કે આજના યુગમાં બાળકને સ્તનપાન ન કરાવી અને અન્ય 'જીમ'ના જનૂનમાં યૌવન ટકાવવાના પ્રયત્નો થાય છે ખરા!

જે નિરંતર નોકરી કે ધંધામાં કે પ્રવાસયાત્રાના શોખીન હોય એમને પણ જયારે હરીફરી ઘેર આવતા હશે ત્યારે હાશકારો-નિરાંત જરૂર અનુભવતા હશે. ઘર જેવી શાંતિ-વિશ્વાસ સ્થાન કયાંય નથી 'ફાઇવ સ્ટાર' કેમ ન હોય?

યાચના કરી હાથ લંબાવવામાં ગૌરવ રહેતું નથી, જે છે તેમાં સંતોષ માની ચલાવી લેવામાં જ સુખ અને સન્માન છે.

## સુવિચાર

- 'હા, હું કદી દુઃખની પલાયન થતો નથી, હંમેશા દુઃખનો સામનો કર્યો છે. દુઃખનો સામનો કરવાની વાતને હું મોટું સુખ માનું છું' - *ગુણવંત શાહ*
- કોઇ પણ કામ, કોઇ પણ સંબંધ, કોઇ પણ લાગણી જયારે ફરજની ભૂમિ પર ઊગે ત્યારે એની તાજગી એનું સૌંદર્ય નષ્ટ પામે છે - *એસ. ભટ્ટાચાર્ય*
- કોઇ એવું છે જે દુનિયા ચલાવે છે, દરેક જીવોની એક એક પળોની, કરેલા કાર્યોની નોંધ રાખે છે એ તાકાતનો ભય એ જ ડહાપણની શરૂઆત - *બુદ્ધ*
- શુદ્ધ ભક્તિ ભાવ, લાગણીથી થતી પ્રાર્થના જેમાં જરાયે માંગણી ન આવે તો પ્રાર્થના ભક્તને અપેક્ષા કરતાં અનેક ગણું આપે જ છે - *જનકલ્યાણ*
- માનવીય અભિગમ સાથે જીવતા માણસનો ગુસ્સો શૂન્યવત હોય છે, તદુપરાંત તે બીજાના ક્રોધથી પણ બચી જાય છે - *ફાધર વાલેસ*
- હઠાગ્રહી સદ્‌ગુણ કરતાં તો બાંધછોડ થઇ શકે એવો દુર્ગુણ વધુ સારો - *રમેશ ઓઝા*
- સારા વિચારો સાથે સારૂ આચરણ આપોઆપ આવે છે, સારા વિચારોનો આધાર સારૂં વાંચન અને શુદ્ધ સાત્ત્વિક આહાર પર છે - *માનસસૂત્ર*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણે દાન આપીએ છીએ એના પાછળ પણ આપણી કેટલી ય મેલી વૃત્તિ કામ કરતી હોય છે કોઇક સામાજિક પ્રતિષ્ઠા, માન-સન્માન-એવોર્ડ-રિવોર્ડ મેળવવા કોઇ 'તકતી' મૂકાવવા કોઇ 'એંસી-સી'ના લાભ માટે કોઇ કાળામાંથી ધોળું કરવા.. વગેરે... 'દાન- હૃદયપૂર્વક-શુભ-નિષ્ઠા અને 'ગુપ્ત' હોય-ડાબા હાથને ખબર પણ ન પડે! દાન પાછળ 'સ્વાર્થ' બદલાની ભાવના ન હોય!

'એક લોભી-કંજૂસ હતો એ કદાપિ કોઇને ય કંઇ જ દાન-દક્ષિણા આપતો ન હતો. એની પત્ની ધાર્મિક હતી. ઘણીવાર શેઠને સમજાવતી 'દાન આપવાથી દેવ, દસ ગણું કરી પાછું આપે છે!' પણ શેઠને વિશ્વાસ નો'તો.

એક વાર શેઠને ત્યાં એક સાધુ-મહાત્મા આવ્યા. દક્ષિણા માગી. શેઠ એની ઝોળીમાં પાંચ રૂપિયાનો સિક્કો નાખી દીધો. એ સિક્કો બે-ત્રણ જગ્યાએથી 'ખોટો' છે એમ કહી પાછો આવ્યો હતો. શેઠે એટલે નિર્દોષ-નિઃસ્વાર્થ ભાવે 'દાન' આપવાની વૃત્તિથી જ એ સિક્કો મહાત્માને આપ્યો.

મહાત્માએ બાજુમાં પડેલા એક વાટકામાં શીંગ-સાકરીયાનો પ્રસાદ નાખ્યો. શેઠે એના પર ધ્યાન ન આપ્યું. શેઠે મોડે મોડે પ્રસાદ જોયો. એમાં એક 'સોના મહોર' હતી.

શેઠ બીજે દિવસે ફરી સાધુની રાહ જોવા લાગ્યા. શેઠે હવે તેની નવી કલદાર ૨૫ રૂપિયાના સિક્કા દીધા. સાધુ પ્રસાદ આપ્યા વિના જ ચાલ્યો ગયો... શેઠે પત્નીને બધી વાત કરી રૂપિયા ગયાનો શોક પણ કર્યો - ધાર્મિક પત્ની કહે - દાન આપવા માટેની દાનત શુદ્ધ હોવી જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# આજના ત્રસ્ત કૌટુંબિક જીવનમાં, બે પેઢી વચ્ચેનું અંતર ઘટાડવા શિક્ષણનું તેમજ જાગૃતિનું કામ કરે છે, કુટુંબોને આજના રઘવાટભર્યા માહોલમાંથી બચવા પ્રેરણા પુરી પાડે છે

**મનુષ્ય અને ભગવાન દ્વારા જે કશુંક કયારેય પણ સારૂં થઇ શકે તે બધું જ ભારતની ભૂમિમાં થયું છે. - માર્ક ટ્વેઇન**

ઉપરોક્ત વિચારોને સાર્થક કરતો પત્ર મને. તા. ૧૧-૦૯-૨૦૧૩ના રોજ મળ્યો. પત્ર ગાંધીનગરથી આવ્યો હતો. પત્રલેખત હતા. નિવૃત્ત આઇ.એ.એસ. બિપીનચંદ્ર વૈષણવ. તેમણે લખ્યું હતું : 'તા.૦૩-૦૯-૨૦૧૩ ના અંકમાં મુક્તાબેન પંકજભાઇ ડગલી વિશેનો લેખ વાંચી અનહદ આનંદ થયો. આવી વ્યક્તિઓ અને સંસ્થાનો પરિચય કરાવી લોકોને સારા કાર્યમાં દોરવાનું આંગળી ચિંધ્યાનું પુણ્ય માટે ખૂબ ખૂબ અભિનંદન. મેં તુરત ફોનથી સંપર્ક કરી તેમનું સાહિત્ય મંગાવી જરૂરી સહકારની કાર્યવાહી કરી છે. વિશેષ આવી જ એક સંસ્થા અને વ્યક્તિનો પરિચય આ પત્ર સાથે પુસ્તિકા સહિત મોકલું છું.'

મેં પત્ર બે વાર વાંચ્યો અને પછી અમૃતભાઇ મોઢના સંપાદનમાં પ્રકાશિત વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ સારાંશ અને અવલોકનો સ્મરણિકા જોઇ. મોરારિ બાપુના વરદ્‌હસ્તે થયેલા લોકાર્પણની તસ્વીરથી લઇ છેલ્લા ટાઇલ્સ સુધીની જોઇ. ઢળતી ઉંમરેય શક્તિ અને સ્ફૂર્તિનો અમોઘ સ્ત્રોત, ભૂલકાંઓને ભણાવતા દાદાજી, સ્નેહનું સિંચન કરતા દાદાજી, સાંભળીને ચાલ રે મનવા, અક્ષરજ્ઞાન પર બે દાદીમાં વ. તસ્વીરોએ મને ગદ્‌ગદિત કર્યો.

આવો વિચાર કરીએ વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા થતી સેવા કાર્યોની સરવાણીમાં સમાનની બૃહદરીતે ચિંતા સેવનાર, વિવિધ ક્ષેત્રના અનુભવોથી ઘડાયેલા અને જરૂરતમંદો માટે શક્ય તે યોગદાન આપવા વાળા મહાનુભાવોનું નાનકડું પણ ચોકસસ સેવા ક્ષેત્રમાં સક્રિય યોગદાની ટ્રસ્ટ એટલે વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ.

**વરિષ્ઠ નાગરીક કલ્યાણ ટ્રસ્ટ, ગાંધીનગરના સક્રિય સૂત્રધાર અમૃતભાઈ તથા સ્વ. ઈલાબહેન મોઢ**



**મોંઘેરા મોતી**
*- નટવર આહલપરા*

● સ્થાનિક, રાજયકક્ષા અને રાષ્ટ્રીય કક્ષાનાં સિનિયરોનાં સંગઠનોમાં રહીને, આબાલવૃદ્ધ નાગરિકોના આર્થિક, સામાજિક, માનસિક દુઃખ-દર્દોની જાણકારી પ્રાપ્ત કર્યા પછી સંવેદનશીલ એવા મહાનુભાવોની આ નાનકડા સંસ્થાના માત્ર ૪૮ જેટલા આજીવન સભ્યોની સંવેદના આ ટ્રસ્ટમાં અનેક રીતે સક્રિય થઇને ટ્રસ્ટના હેતુ મુજબ યાતનાગ્રસ્ત આબાલવૃદ્ધોને તેમની દયનીય હાલમાં રાહત આપવા સ્વભંડોળ તેમજ સમાજના સશક્ત વર્ગોમાંથી સહકાર મેળવી સેતરૂપ બનીને છેલ્લા ત્રણ-ચાર વર્ષથી આ ચોક્કસ બાબતે અવિરત સેવા આપી રહી છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

(૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં સંપાદિત (૧) વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ (૨) વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ સારાંશ અને અવલોકનો, નાં બે પુસ્તકો વરિષ્ઠો તેમના કુટુંબો અને સમાજ જીવનમાં ગીતા-ઉપનિષદ જેવી ભૂમિકા ભજવે છે.

આજના ત્રસ્ત કૌટુંબિક જીવનમાં, બે પેઢી વચ્ચેનું અંતર ઘટાડવા શિક્ષણનું તેમજ જાગૃતિનું કામ કરે છે. કુટુંબોને આજના રઘવાટભર્યા માહોલમાંથી બચવા પ્રેરણા પુરી પાડે છે.

વૃદ્ધાશ્રમો, યોગ્ય મહાનુભાવો, સંસ્થાઓ ઇત્યાદિને આપણે હજુ પણ બચેલી મર્યાદિત નકલોમાંથી ભેટ આપીએ છીએ. સંસ્થાઓ/સુજ્ઞ વાચકો, ઇચ્છે છેકે આ વરિષ્ટ કલ્યાણ ગ્રંથની બીજી, સંક્ષિપ્ત આવૃત્તિ પણ પ્રસિદ્ધ થાય. આ માટે પૂછપરછ તેમજ યોગદાન આવકાર્ય છે.

(૨) કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સંચાલિત સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ (આઇ.સી.ડી. એસ.) ના ખાસ કરીને અતિકુપોષિત - બાળકો, તેમની ધાત્રી માતાઓને દર શુક્રવારે પૌષ્ઠિક આહાર તૈયાર કરીને ખવડાવામાં આવે છે. જેની મીડિયાએ અને સરકારી તંત્રે પણ ખાસ નોંધ લીધી છે. ૮૦ જેટલા અતિકુપોષિત (રેડઝોન) બાળકો પૈકી ૪૦ જેટલા બાળકો પોષિત ઝોનમાં (તંદુરસ્ત ઝોન) લાવી શકાયાં છે અને તેથી આપણી આ યોજનામાં અન્ય ૪૦ જેટલાં કુપોષિત (યલો ઝોન) લાવી શકાયા છે અને તેથી આપણી આ યોજનામાં અન્ય ૪૦ જેટલા કુપોષિત (યલો જોન)ના બાળકોને સમાવી લીધા છે, જેથી તેઓને રેડરોઝમાં પ્રવેશે તે પહેલાં જ, તંદુરસ્ત ઝોનમાં લાવી શકાય. આ વર્ષે વાર્ષિક રૂા. ૬૦,૦૦૦ જેટલી રકમની નિયમિત રૂપે, બાળકોને પથ્ય,ભાવતી, જરૂરી પોષ્ટીક તત્વો ધરાવતી, વિવિધ વાનગીઓ પીરસી છે.

(ક) સાથે સાથે સપ્તાહમાં એકવાર (હવે તો બે વાર મંગળવાર અને શનિવાર) અમૂલ દૂધ અને પ્રોટીન્યુલસ પાવડરનું ટોનિક પણ આપવામાં આવે છે. જેનો માસિક ખર્ચ રૂા. ૫૫૦૦ જેટલો થાય છે.

(ખ) આ બાળકોને કેટલાય નામી અનામી સંવેદનશીલ મહાનુભાવોની સીધી મદદથી કપડાં (ગણવેશ), ચડ્ડી, ફ્રોક પહેરાવવામાં આવ્યાં તો અન્ય સખી ગૃહસ્થો દ્વારા ખાસ વાનગીઓ જેવી કે સુખડી, લાડુ, તલ સાંકળી જેવા વિશેષ અને વિશિષ્ટ પૌષ્ઠિક આહાર પીરસવામાં આવ્યા છે અને આવે છે. આ પ્રથા આવકાર્ય છે. રસોઇ કામ નફા વિના સેવાભાવનાથી આંગણવાડી/ સખી મંડળોની શ્રમજીવી બહેનો કરે છે. જો કે, ટ્રસ્ટ તેમને પૂરતું વળતર આપે છે.

(ગ) ૮૦ થી ૧૦૦ વ્યક્તિઓની રસોઇ સારી રીતે બનાવી સમયસર આપી શકાય તે માટે ટ્રસ્ટે એક પ્રેસર કુકર રસોઇ બનાવનાર શ્રમજીવી બહેનોને ભેટ આપ્યું છે.

(૩) આ ઝુંપડપટ્ટી વિસ્તારની આઇ.સી.ડી.એસ. યોજનામાં નોંધાયેલ ધાવણા બાળકોને ટ્રસ્ટે ઠંડીથી રક્ષણ આપવા શિયાળામાં ફૂલાલીનનાં લેંઘી-સદરો-ટોપી આપે છે. અને સગર્ભા મહિલાઓને બળબળતા ઉનાળામાં પગરખાં પહેરાવે છે. પ્રેરક અને પૂરક સિનિયર સિટીઝન્ટ કાઉન્સિલ ગાંધીનગરની જરૂરી સેવાકીય પ્રવૃત્તિ સહયોગ આપવાનું પણ ચાલું છે.

(૪) ટ્રસ્ટના મહાનુભાવોની સલાહ અને સાથથી આજ વિસ્તારમાં શ્રમજીવી (ભિખારી નહીં) એવી ત્યકતા-વિધવા-અકાળે વૃદ્ધ થયેલ મહિલાઓના પરિવારોની મોજણી કરી ૧૫ થી ૧૬ અતિવંચિત પરિવારોની નોંધણી કરી છે અને આશરે રૂા. ૮૦૦ ની કિંમતનું દરેક પરિવારને દર મહિને શુદ્ધ પૌષ્ટિક 'સીધુ સામગ્રી' (લોટ, દાળ, ચોખા, સોયાબીન તેલ, ચાની ભૂકી, દૂધનો પાઉડર, સાકર/ગોળ) નો ચોક્કસ જથ્થો ઝૂંપડે બેઠે આંગણવાડીઓની નિષ્ઠાવાન કાર્યકર - તેડાંગર બહેનોની સીધી મદદથી અચૂક પહોચાડીએ છીએ. તો, પરચુરણ ખર્ચ માટે એક સંવેનદશીલ મહાનુભાવ રૂા.૫૦ રોકડા અનામી રહીને પહોંચાડે છે. કેટલાક સભ્યશ્રીઓ, મિત્રો તેમજ અન્ન દાતાઓ સંવેદન સહ આ યજ્ઞમાં સારૂં એવું વિવિધ રીતે સેવા/યોગદાન આપે છે. જે પ્રસંશનીય અને આવકાર્ય છે.

(૫) પ્રમાણમાં સંપન્ન છતાં ત્રસ્ત એકલવાયા અને નિરાધાર વડીલોને કાયદા દ્વારા મળતા લાભ, તેમના જાનમાલના રક્ષણ માટેની વ્યવસ્થા વગેરે માટે ટ્રસ્ટ દ્વારા સલાહ અને જાણકારી (કાઉન્સેલીંગ) આપવામાં આવે છે. દૂરદર્શન પણ આપણા સભ્યોને બોલાવીને વરિષ્ઠોના કાયદાકીય હક્કો વિશે હેલ્લો ડીડી ગિરનાર પર વાર્તાલાપો ગોઠવે છે.

(૬) સરકારમાં, સંબંધિત સત્તાધિકારીઓને સિનિયર સિટીઝનના આ કાયદાઓનાં સ્વીકાર તેમજ સક્રિય અમલ માટે અવારનવાર વિગતવાર રજૂઆત કરવામાં આવે છે.

(૭) વરિષ્ઠોની અવગણના સામે રાષ્ટ્રીય વિરોધદિન મનાવવામાં આવે છે અને યોગ્ય સત્તાધીશોને મેમોરેન્ડ પણ આપવામાં આવે છે.

(૮) સને ૨૦૧૨-૧૩માં ટ્રસ્ટના ઉપરોક્ત પ્રોગ્રામ વર્ક - સેવાકાર્યોમાં રૂા. ૨,૬૦,૦૦૦ જેટલા ખર્ચ થયો છે. જયારે ચાલુ સાલનાં યોગદાનની આવક રૂા. ૧,૬૦,૦૦૦ જેટલી થઇ છે. આનંદ તેમજ વધાવવા જેવી બાબત તો એ છે કે આ યોગદાનોમાં સભ્યો ઉપરાંત સભ્યેતર મહાનુભાવોના વિવિધ પ્રકારના યોગદાનોનો પણ સમાવેશ થાય છે.

● જીરીયાટ્રીક (વૃદ્ધાવસ્થા)ના રોગો સામે રક્ષણ માટે વરિષ્ઠોને અ.ગુ.કુ.ઉ. અને યોગ મહામંડળની નેચરોપથી શિબીરોનો લાભ લેવા પ્રોત્સાહિત કરવાની સક્રિય કામગીરી કરવામાં આવે છે.

● સખી ગૃહસ્થોનો આ સંવેદનાભરી સેવાપ્રવૃત્તિઓને આવકાર આદર અને સહયોગ મળતો રહેશે, તે પ્રમાણએ આ પ્રવૃત્તિ આગામી વર્ષમાં પણ ચાલું રાખવાનું આયોજન છે. તો સક્રિય યોગદાન આપીએ - અપાવીએ એ જ અભ્યર્થના... સહાય 'વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ' ના નામથી મોકલી શકાશે. વંદન છે સંસ્થાને, વંદન છે વરિષ્ઠો ને.

**સંસ્થાનું સરનામું :** ૬૧૫, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨ : ફોન : (૦૭૯) ૨૩૨૨૪૩૦૫, મો : ૯૪૨૮૦૫૦૦૨૦

# એન્ટિ સોશિયલ નેટવર્કિંગ : પંચાતનો ચોતરો કે જાહેરમાં ગંદા લૂગડાં ધોવાનો ધોબીઘાટ ?

**વિચાર યાત્રા**
*- ડો. જય ઓઝા*

ખૂબસૂરત સોશિયલાઈટ સુનંદા પુષ્કરના મૃત્યુએ અનેક પ્રશ્નો અનેકના દિમાગમાં ભા કરી દીધા છે. ચકાચૌંધભરી સેલિબ્રિટીઝની જિંદગીમાં દીવા તળે અંધારું જ હોય છે? સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન? બે સ્ત્રી વચ્ચે અટવાયેલો પુરુષ શું માત્ર શહીદ થવાનો ડોળ કરીને બે બિલાડીઓ ને લડતી રાખવામાં કે પછી તીરે બેસીને તમાશો જ જોવામાં રસ ધરાવે છે? આજનો માણસ એટલો બધો બિઝી થઈ ગયો છે તે પોતાની અંગત વ્યક્તિની અંગત કાળજી લેવાની એને સહેજેય ફૂરસદ નથી? સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ લોકોને ભેગા મળીને આનંદ કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે કે ગોલાલડાઈનો ચોતરો બની રહે છે? સ્ત્રીની તદ્દન અંગત લાગણી સમજવાનો પુરુષ ક્યારેય -યાસ કરે છે? અન્ય સ્ત્રી સાથેના મૈત્રી સંબંધોમાં શું પુરુષોને ડીલ કરતાં ફાવતું નથી? ટેકનોલોજીનો ઓવરડોઝ માણસને માણસથી દૂર કરી રહ્યો છે?

વેલ, આ અને આવા સંખ્યાબંધ સવાલો સતાવી રહ્યા છે ત્યારે સૌથી પહેલાં તો એ જ વિચાર આવે કે આ ફેસબુક અને ટ્વિટર તો જાણે એકબીજાને ઉતારી પાડવાનું, અંગત વૈમનસ્ય જાહેર કરવાનું અને કોઈના દિલને દુભવવાનું જ માધ્યમ બની ગયાં છે! તમે તમારી જિંદગીની સુખદ ક્ષણો કે તમારી કોઈ સિદ્ધિ ભલે સોશિયલ સાઈટ્સ પર શેર કરો પણ તદ્દન અંગત લાગણીઓ જાહેર માધ્યમો દ્વારા -દર્શિત કરવી એ મૂર્ખામીની જ નિશાની છે. કહેવાતી -તિષ્ઠિત વ્યક્તિઓ પણ -તિસ્પર્ધીઓને તારી પાડવા ફેસબુક-ટ્વિટર જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર કેવી નિમ્ન કક્ષાએ ઉતરી જાય છે એનાં અનેક ઉદાહરણો અમારી સામે છે, નામ સાથે લખી શકાય એવાં. પણ એ સ્તરે આપણાથી થોડું તરાય? શું લોકોમાં એટલો વિવેક કે સૌજન્ય પણ નથી રહ્યાં કે પોતાની એક કમેન્ટ કે એકાદ ગુજ્ઝ વાત જાહેર કરવાથી જે વ્યક્તિ ટાર્ગેટ બને છે એને કેટલો ભયંકર માનસિક આઘાત લાગી શકે છે!



સુનંદા પુષ્કરની ટ્વિટ્સ તમે જો વાંચી હશે તો અંદાજ આવશે એ સ્ત્રી કેટલી બધી ડિસ્ટર્બ્ડ હતી અને બધો ભરો ટ્વિટર પર જ ઠાલવતી હતી! એક ટેલિવિઝન ચૅનલના એડિટરને કરેલી ટ્વિટમાં તેણે કહ્યું હતું કે અત્યારે હું બહુ માંદી છું પણ જે કંઈ બની રહ્યું છે એ બહુ ખેદજનક છે. એક સ્થાને તો વળી એણે એટલી હદ સુધી લખ્યું હતું કે ભારત-પાક સંબંધ સુધારવા શું કોઈ પત્ની પોતાના પતિને પાકિસ્તાની સ્ત્રી સાથે સૂવા મોકલી શકે? માત્ર પુરુષો જ નહી, સ્ત્રીઓ પણ શારીરિક સંબંધો માટેના સંકેતો પુરુષોને મોકલતી હોય છે અને ચકકર ચલાવતી હોય છે. એમાંય પત્ની જયારે સારવાર માટે હોસ્પિટલમાં હોય ત્યારે પુરુષને ઉશ્કેરતી અન્ય સ્ત્રીને શું કહેવું? આમાં ઈશારો પાકિસ્તાની મહિલા પત્રકાર મહેર તરાર તરફ છે એ કહેવાની જરૂર નથી. મહેરે પણ સામે સણસણતા જવાબો આપ્યા હતા. લાખો લોકો જોતા હોય અને કરોડો એ ટ્વિટને ફોલો કરતા હોય એવી જાહેર સોશિયલ સાઈટ પર બન્ને વચ્ચેની આ કેટ ફાઈટ બેફામ ચાલતી હતી અને કદાચ એ જ એના મૃત્યુનું નિમિત્ત બની હોય એવી પણ એક ચર્ચા છે.

મર્ડર બાય ટ્વિટર જેવા આક્ષેપો લોક-િય સોશિયલ સાઈટ્સ માટે થઈ રહ્યા છે ત્યારે આ સોશિયલ સાઈટ્સનાં એન્ટી સોશિયલ એલિમેન્ટ પર વિચાર કરવાનો સમય આવી ગયો છે. ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ, તસવીરોને કારણે ગેરમાર્ગે દોરી રહેલી સોશિયલ સાઈટ્સ પર એટલે જ હવે તો સરકાર પણ બાજનજર રાખવાનું વિચારી રહી છે.

મૂળ પ્રશ્ન એ છે કે બધી અંગત વાતો કોઈએ જાહેર શા માટે કરવી હોય છે? ગંદાં લૂગડાં ધૂઓને તમારા ઘરમાં. સુનંદા -ત્યે પૂરી હમદર્દી હોવા છતાં એના સહિત અનેક લોકોની આ બેહૂદી હરકતે કેટલાયની જિંદગી બરબાદ કરી છે.

સમસ્યા આ જ છે. સુનંદા-મહેર વચ્ચે જાહેરમાં ઝગડા ના થયા હોત તો કદાચ અંદરખાનેથી પ્રશ્ન ઉકેલાયો હોત. શશિ થરૂરે થોડીક પળો સંભાળી લીધી હોત તો કદાચ આ અંજામ ન આવત. આ લખાય છે ત્યાં સુધી તો સુનંદાના મૃત્યુના સાચા કારણની વિગતો બહાર નથી આવી, પરંતુ કારણ જે હોય તે, સવાલ સોશિયલ સાઈટ્સના દુરૂપયોગનો અને આવી સાઈટ્સના અપડેટ્સ અતિરેકને કારણે વ્યક્તિ અંગત મિત્ર-સગા-સ્નેહીની હૂંફથી વંચિત રહી જાય છે એ છે. સુનંદાના મૃત્યુના બીજા દિવસે એટલે જ એની ખાસ મિત્ર અને જાણીતાં ફિલ્મ અભિનેત્રી નફીસા અલીએ ટેલિવિઝન પર એક જ વાત પર ભાર મુક્યો હતો કે પતિ-પત્ની વચ્ચે ખટરાગ હોય એ નવાઈની વાત નથી. પણ સમસ્યા વકરે ત્યારે એ સમસ્યા સાથે કઈ રીતે ડીલ કરવું અને સંભવિત ઉકેલનો કઈ રીતે અમલ કરવો એ સમજવું અત્યંત જરૂરી છે. આવા કપરા કાળમાં સ્વજનની હૂંફથી વિશેષ કશું જ કામ આવતું નથી. નફીસા અલી એક જ વાક્ય દોહરાવતાં હતાં, શી વોઝ બ્રોકન હાર્ટેડ પત્રકાર નલિની સિંહે સુનંદા સાથે મૃત્યુના આગલા દિવસે જ વાત કરી હતી ત્યારે પણ તે અપસેટ હતી. તેને સાંત્વન આપતાં નલિનીએ એ જ કહ્યું, સુનંદા, તને બહુ બધા લોકો ચાહે છે. તારું ખૂબ મોટું મિત્ર વર્તુળ છે. તારા મગજમાં અન્ય સ્ત્રીનું જે ભૂત ભરાયું છે તે કાઢી નાંખ. અને મઝાથી જિંદગી જીવ પરંતુ, હકીકતમાં એમ બનતું નથી. સ્ત્રીનું હૃદય બહુ નાજુક હોય છે અને ઈમ્પલ્સિવ પણ. અહી પુરુષોને દોષ દેવાની કે સ્ત્રીઓની તરફદારી કરવાની વાત નથી. કટોકટીની પળોમાં સ્વજનો અને મિત્રોની હૂંફ જ વ્યક્તિને બહાર કાઢી શકે છે, પછી એ સ્ત્રી હોય કે પુરુષ. છતાં, લોકો પાસે સમય ક્યાં છે? બાજુમાં બેઠેલા આપ્તજનને સમય આપવાને બદલે આપણે દૂર બેઠેલા ફેસબુકિયા ફ્રેન્ડ જોડે ગામ આખાની પંચાત કરીએ છીએ અને જયારે આવી ઘટના ઘટે ત્યારે મગરના આંસુ સારીએ છે. સોશિયલ સાઈટ્સનો ઉપયોગી અને આનંદ-દ માહિતીના આદાન--દાન માટે અને ટેકનોલોજીનો સમજી-વિચારીને, સાન-ભાનપૂર્વક ઉપયોગ કરીશું તો કદાચ આવી માનસિક દુર્ઘટના ઓ ચોક્કસ નિવારી શકીશું. પહેલ આપણે જ કરવાની છે.

# કોઇ પણ ઇષ્ટ પરિવર્તન આકરૂં જ હોય છે, એમાં અનેક વિઘ્નો અને અવરોધો આવે, લોકોને સત્ય સમજવામાં અને પચાવવામાં વાર પણ લાગે, છતાં સાચો સાધક અને માર્ગ છોડતો નથી

**ભારતમાં 'ભારત' શોધું છું !**
*- હર્ષદ પ્ર. શાહ*

મારી ચર્ચાના વિષયો હોય છે - આપણું સામાજીક અને રાષ્ટ્રીય દાયિત્વ, બાળઉછેરની પ્રક્રિયા, મનુષ્યનિર્માણની પ્રક્રિયા, શિક્ષણ, લોકશિક્ષણ, સંસ્કાર, કૃતિશીલ દેશભક્તિ વગેરે...

સમાજ - જાગરણ એ મારૂં લક્ષ્ય છે.

છેવટે આ બધા પ્રયાસો એક જ લક્ષ્યને સિદ્ધ કરવા માટે છે. અને એ લક્ષ્ય છે. ભવ્ય દિવ્ય ભારતનું નિર્માણ. આ લક્ષ્યના રાજમાર્ગ પર પહોંચવા માટેની પ્રથમ કેડી છે - ભવ્ય દિવ્ય ગુજરાતનું નિર્માણ.

આપણે... ગુજરાત... એવો ચીલો ચાતરવા માગીએ છીએ જેના પર સમગ્ર ભારત અને સંપૂર્ણ વિશ્વ ચાલે. એ માર્ગ જ એવો હશે કે જેમાં સમગ્ર વિશ્વનું હિત સમાયેલું હોય.

આવું મહાન લક્ષ્ય સિદ્ધ કરવા માટેની મજબૂત પૃષ્ઠભૂમિ કેટલાક પાયાના સિદ્ધાંતો પર જ રચી શકાય

(૧) ભારતની પ્રત્યેક વ્યક્તિમાં પ્રખર રાષ્ટ્રભક્તિ જગાડવી.

(૨) પ્રત્યેકમાં સમાજ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાનો ભાવ જગાડવો.

(૩) પોતાના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવો અને એવા વિકસિત વ્યક્તિત્વનુ વિલીનીકરણ રાષ્ટ્રહિત માટે કરી દેવું.

(૪) વ્યક્તિ - વ્યક્તિમાં આત્મગૌરવ જગાડવું અને એને રાષ્ટ્રગૌરવના આધારે રાષ્ટ્રનો વિકાસ થશે.

આવાં અત્યંત અઘરાં લાગતાં સ્વપ્નો અને સિદ્ધાંતોને પણ સાકરા કરી શકાય - પ્રખર મનોબળ અને અવિશ્રાંત પરિશ્રણથી. રસ્તો લાંબો જરૂર છે, પણ આવા શ્રેષ્ઠ લક્ષ્યને પામવાનો જો આ એકમાત્ર રસ્તો હોય તો એ ટૂંકો જ છે.

એક ચિંતક કહે છે -

*Don't keep your dream in your eyes. they may disappear as tears. Keep them in heart so that every heartbeat may remind you to fulfil your dreams.*

આમેય કોઇ પણ ઇષ્ટ પરિવર્તન આકરૂં જ હોય છે. એમાં અનેક વિઘ્નો અને અવરોધો આવે. લોકોને સત્ય સમજવામાં અને પચાવવામાં વાર પણ લાગે. છતાં સાચો સાધક અને માર્ગ છોડતો નથી, એની સાધના અધવચ્ચે પડતી મુકતો નથી.

**કયારેક એ સમજાતું નથી કે ભારતવાસીને થયું છે શું? એને ભારતમાં તેજસ્વીતા અને મહાનતાનાં દર્શન કેમ નથી થતાં? એને પોતાની મૌલિક અને અંતર્નિહિત શક્તિઓમાં વિશ્વાસ કેમ નથી?**

કયારેક એ સમજાતું નથી કે ભારતવાસીને થયું છે શું? એને ભારતમાં તેજસ્વીતા અને મહાનતાનાં દર્શન કેમ નથી થતાં? એને પોતાની મૌલિક અને અંતર્નિહિત શક્તિઓમાં વિશ્વાસ કેમ નથી? એ સ્વાવલંબનનો તંતુ છોડીને પરાવલંબનનો આધાર કેમ લઇ રહ્યો છે. ભારતની ધરતીનું આધ્યાત્મિક તેજ છોડી એ ભૌતિકતાના તમસ તરફ કેમ ધસી રહ્યો છે? એ સ્વભાષા છોડીને પરભાષાની આંગળીઓ કેમ વળગ્યો છે? આત્મગૌરવની ભાષા ભૂલીને એ પરતંત્રનો શરણાગત સાથી બન્યો છે? રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાના ભોગે એ મિથ્યા વૈશ્વિકતાને વહાલ કેવી રીતે કરી શકે? શાશ્વતની આરાધના ત્યાગીને એ ક્ષણભંગુરનો આરાધક કેવી રીતે બની ગયો? પ્રકૃતિને પ્રેમ કરવાનું મૂકી એ વિકૃતિને પ્રેમ શાથી કરે છે? 'સર્વ' ને બદલે 'સ્વ'નો ઉપાસક એ કેમ બની ગયો છે.

આ બધા બહુ વ્યથાપૂર્ણ પ્રશ્નો છે. પરંતુ મનોમંથન પછી એવું લાગે છે કે પ્રશ્નો ઘણા છે પણ ઉત્તર એક છે. અને એ ઉત્તર એટલે શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની પ્રક્રિયા અણથક અને અવિરત ચલાવવી. ચાલો... આપણે ભારતનું પુનઃનિર્માણ કરીએ. અત્યારે હું તો ભારતમાં ભારત શોધી રહ્યો છું !